Sheetal
ANY TIME TASTY
© 73000 51000

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR/69/Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૬૯,૨૨૪૮૭૯,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૮-૦૭-૨૦૨૪ ગુરૂવાર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૬,૨૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ સુદ ૧૨ વર્ષ : ૨૮ અંક ૨૮૯

# રાજુલામાં વિજળી માટે લોકોનો ફોલ્ટ કચેરીમાં હોબાળો : પોલીસ બોલાવાઇ

## તા.પં.નાં પ્રમુખનાં પતિ સહિત આગેવાનો અને આમ જનતા ફોન રિસીવ ન થતા વિજ કચેરીએ મધરાત્રે દોડી ગયાં : પોલીસે મામલો થાળે પાડ્યો



રાજુલા, (જયદેવ વરૂ) અમરેલી જિલ્લામાં મોડી રાતે રાજુલા શહેરમાં વીજળી ગુલ થવાના કારણે કલાકો સુધી વીજળી નહિ આવતા સ્થાનિક લોકો પીજીવીસીએલ કોલ

(અનુ. પાના નં.૨)

અકસ્માત.. ઇજા.. ફ્રેક્ચર ?
ફ્રી ઓપરેશન
ડો.આનંદ કારિયા
M.S.Ortho.
નિદાન ફી માત્ર રૂા.૫૦/-
સોમવાર થી શનિવાર
સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
દુઃખાવાના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા
૧) ગરદન - કમર - ઘુંટણ - મણકાનો દુઃખાવો
૨) ખભાનો દુઃખાવો કે ખંભેથી હાથ ઉંચો ન થવો
૩) હાથ - પગમાં ખાલી ચડવી કે દુઃખાવો થવો
૪) હાડકાના ઓપરેશન પછીનો દુઃખાવો
રાહતદરે એક્સ-રે
રાહતદરે લેબોરેટરી
૨૪X૭ કલાક ઇમરજન્સી સારવાર
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૦૯૨ ૨૩૦૦૦ ઇમરજન્સી હેલ્પ લાઇન : ૯૯૦૯૨ ૯૩૦૦૦

અમરેલી તથા આજુ-બાજુના વિસ્તાર માટે ગેસના બીલ બનાવવા માટે
છોકરાઓ જોઈએ છે
પગાર : ૧૦૦૦૦ + પેટ્રોલ • લાયકાત : ૧૦ પાસ/ના પાસ
ઉંમર : ૧૮ થી ૩૫ વર્ષ • એન્ડ્રોઇડ મોબાઇલ તથા બાઇક જરૂરી છે
Mo. 96628 77845 • 77779 49534

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
LIC
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
Divy
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોંઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઇ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોંઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

સેલ... સેલ... સેલ...
બહેનો તથા ભાઈઓ માટે ખુશ ખબર...
નાઇટ વેર - રેડીમેઇટ
અંડર ગારમેન્ટ
પરફ્યુમ - વોચ
બેલ્ટ - વોલેટ ...
UP TO 50% ડિસ્કાઉન્ટ
JOCKEY zivame enamor TITAN Sweet Dreams amante
Rasasi જેવી ૧૦૦ થી વધારે બ્રાન્ડ પર ડિસ્કાઉન્ટ
freen
૧૧-જલારામ ચેમ્બર, લાઇબ્રેરી રોડ, અમરેલી.
સીરાઝ દલ + ૯૧ ૯૭૧૪૪ ૭૭૭૧૫


આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

શ્રમિક બસેરા યોજના
અંતર્ગત
૧૫,૦૦૦ શ્રમિકો માટે હંગામી આવાસનું ખાતમુહૂર્ત
તેમજ શ્રમિક બસેરા પોર્ટલનો શુભારંભ
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ્હસ્તે
સર્વાંગી વિકાસનું અભિયાન, પ્રત્યેક શ્રમયોગીને સન્માન
શ્રમિક બસેરા યોજના હેઠળ પ્રતિદિન પ્રતિ વ્યક્તિ દીઠ ₹ ૫/- માં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને આશ્રય સ્થાન.
તારીખ: ૧૮/૦૭/૨૦૨૪ • સમય: સવારે ૧૧:૦૦ વાગે • સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ
બાંધકામ શ્રમિકો માટેની યોજનાઓ
મેડિકલ હેલ્થ યુનિટ (ધન્વંતરિ આરોગ્ય રથ)
- પ્રસૂતિ સહાય યોજના
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના
- શિક્ષણ સહાય યોજના
- પી.એચ.ડી. સહાય યોજના
શ્રમિક બસેરા યોજના
- આકસ્મિક મૃત્યુ સહાય યોજના
- અંત્યેષ્ઠિ સહાય યોજના
- શ્રમયોગી નિવાસી શિક્ષણ યોજના
શ્રમિક ગો-ગ્રીન યોજના
- શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના
- હાઉસિંગ સબસિડી યોજના
કુશળ શ્રમિક સહાય યોજના
પીએમ જન આરોગ્ય યોજના (PM-JAY)
પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના
સંપૂર્ણ તબીબી તપાસ યોજના
૩ વર્ષમાં ૩ લાખ શ્રમિકોને આશ્રય સ્થાનમાં રહેવાનો લાભ આપવાનો લક્ષ્યાંક
શ્રમિકના ૬ વર્ષથી નાની ઉંમરના બાળકને વિનામૂલ્યે રહેવાની સગવડ
સ્વચ્છ પીવાનું પાણી, રસોડું, વીજળી, પંખા, સ્ટ્રીટ લાઇટ, શૌચાલય, સીસીટીવી
શ્રમિક અન્નપૂર્ણા યોજના પોષ્ટિક ભોજન
સાઇટ મેનેજર ઓફિસ, શ્રમિક પરિવારોની સુરક્ષાની કાળજી અંગે સુરક્ષા કેબિન, મેડિકલ ફેસિલિટી, ઘોડિયાઘર સહિત અન્ય સુવિધાઓ
ધન્વંતરિ આરોગ્ય રથ દ્વારા પ્રાથમિક તપાસ
સંપૂર્ણ તબીબી સહાય હેઠળ હેલ્થ ચેક-અપ
આ યોજનાના લાભ www.enirmanbocw.gujarat.gov.in પોર્ટલ પરથી ઓનલાઇન જાણી શકાય છે
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર

### સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સન્યાસ આશ્રમ વીરનગર ખાતે

# સ્વામીશ્રી નિર્દોષાનંદજીનાં દર્શને શ્રી પરશોત્તમ રૂપાલા

### વીરનગર ખાતે દેવાધી દેવ શ્રી ભોળાનાથ મહાદેવ અને પ.પુ. સદ્ગુરૂ દેવનાં દર્શન કરતા શ્રી રૂપાલા : શ્રી રામભાઇ મોકરીયા, હોસ્પિટલનાં ટ્રસ્ટી શ્રી ગીડા સહિતનાં મહાનુભાવો જોડાયાં


અમરેલી, જેમનાં સુચનથી અનેક જરૂરિયાતમંદોમાટેઆશિર્વાદરૂપએવીટીંબી ખાતેની વિનામુલ્યે સારવાર કરતી સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ બની છે. તેવા સ્વામીશ્રી નિર્દોષાનંદજીનાં સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સંન્યાસ આશ્રમ - વીરનગર (જી.રાજકોટ) માં દેવાધિદેવ શ્રી ભોળાનાથ મહાદેવ અને પ.પુ.સદગુરુદેવશ્રી ના દર્શનાર્થે રાજકોટ ના સાંસદ શ્રી પરશોતમભાઈ રૂપાલા, રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયા તથા હોસ્પિટલ ના ટ્રસ્ટીશ્રી અશોકભાઈ ગીડા તેમજ અન્ય મહાનુભાવો સાથે જોડાયા હતાં.

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને જન્મદિને શુભકામના પાઠવતા શ્રી કાકડીયા



ગુજરાતના કર્તવ્યનિષ્ઠ, મૃદુ અને મક્કમ એવા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને જન્મદિવસ ની મંગલમય શુભકામનાઓ ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા અને મહાનુભવાઓએ પાઠવી હતી તે તસવીરમાં નજરે પડે છે.

## મોટા મુંજીયાસર માંડણપીર ધામનાં મહંત શ્રી નારદબાપુનાં માતુશ્રી દેવલોક પામ્યાં

### શ્રધ્ધાળુઓ દ્વારા મહંતશ્રી નારદબાપુને ફોનથી અને રૂબરૂ શોક વ્યક્ત કરી શ્રધ્ધાંજલી પાઠવી



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

બગસરા તાલુકા ના મોટા મુંજ્યાસર મંડાણપીર ની જગ્યા ના મહંત શ્રી નારદબાપુ ના માતુશ્રી ધનબાઈબા (ઉ.વ.૯૫) નું તા. ૧૭/૦૭/૨૦૨૪ને અષાઢ સુદ ૧૧ ને બુધવાર ના રોજ દેહાંત થયેલ છે જે ભવુબાપુ જગુબાપુ ભગત ના માતુશ્રી થાય તેમજ ભાયાભાઈ નાગબાપુ ભગત ના ભાભુ થાય તેમજ અશોકભાઈ પરમાર (બગસરા પી.જી.વી.સી.એલ.) પ્રકાશભાઈ પરમાર (બગસરા તાલુકા મહામંત્રી) વિપુલભાઈ પરમાર, ભરતભાઈ પરમાર ના દાદીશ્રી થાય સદગત ની પ્રાર્થના સભા તા. ૨૦/૦૭/૨૪ને અષાઢ સુદને શનિવાર સવારે ૦૮ કલાક થી સાંજ ના ૫ કલાક સુધી શ્રી મંડાણપીર ધામ (જૂની જગ્યા) સતદેવીદાસબાપુ ની જન્મભુમી મોટા મુંજ્યાસર તા. બગસરા રાખેલ છે

### સદગુરૂ સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ સ્થાપિત

## ટીંબીમાં માનવ સેવા હોસ્પિટલમાં નિશુકલ આરોગ્ય સેવા

### ઓપીડીમાં કુલ ૧૭૨૭ દર્દીઓએ એક જ દિવસમાં લાભ લીધો

અમરેલી, સદગુરૂ સ્વામીશ્રી નિર્ષોદાનંદ સરસ્વતીજી મહારાજ સ્થાપિત તદન નિશુલક આરોગ્યસેવાઓ સ્વામીશ્રી નિર્દોષાનંદ માનવ સેવા હોસ્પિટલ ટીંબીમાં અપાય છે. આજે તા.૧૪ના રોજ એક જ દિવસમાં ઓપીડીમાં ૧૭૨૭ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો. આજે સૌથી વધુ ઓપીડી રહી હતી. આમ અનેક દર્દીઓ હોસ્પિટલના લાભ લઈ રહ્યા છે. તેમ બીએલ રાજપરાએ જણાવ્યું છે.

### જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા

## બાબરાના મોટા દેવળીયામાં સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### જી.પં. સભ્ય હિંમતભાઇ દેત્રોજાના હસ્તે ઉદ્ઘાટન કરાયું



બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે મોટા દેવળીયા આરોગ્ય કેન્દ્ર ખાતે આ કેમ્પ ને જીલ્લા પંચાયત સભ્ય હીંમતભાઈ દેત્રોજા હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પ મા ડાયાબિટીસ, બી પી , આંખ નિદાન કેમ્પ, સહીત આ કેમ્પમાં આયુષ્યમાન કાર્ડ, આધારકાર્ડ, કીટ ચાલુ કરવામાં આવી હતી તેમજ આ કેમ્પ દરમ્યાન વૂક્ષા રોપાણ કાર્યકમ યોજાયો હતો આ કેમ્પમાં ગમાપીપળીયા, ત્રંબોડા, ફુલઝર, ધરાઈ, બળેપીપળીયા, ખીજડીયા કોટડા વાવડી જીવાપર, સહિત ના ગામોના દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનો આ કેમ્પમાં મેડિકલ ઓફિસર જલ્પાબેન સહિત સ્ટાફે સેવા આપી હતી તેમજ આ તકે તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, સંરપચ હસુભાઈ વાળા, પ્રદેશ યુવા ભાજપ ના અગ્રણી મહેશભાઈ જાવીયા, તાલુકા ભાજપ અગ્રણી પ્રવિણભાઈ દાફડા, તાલુકા પંચાયત સભ્ય નાગરાજભાઈ વાળા, ઉપ સરપંચ બાલીબાપુ, હરેશભાઈ સોરઠીયા, સહિત ગામના લોકો ગ્રામ પંચાયત ના સભ્ય સહિત મોટી સંખ્યામાં લોકો એ આ કેમ્પ નો લાભ લીધો હતો આ તકે જીલ્લા પંચાયત ના સભ્ય હીંમતભાઈ દેત્રોજા એ જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ ની આ કામગીરી ને અભિનંદન આપ્યા હતા.

## સુરતમાં સ્વામિ શ્રી નિર્દોષાનંદજી સેવા સત્સંગ મંડળ દ્વારા ગુરૂપુર્ણિમા ઉજવાશે

### ગુરૂપર્ણિમા નિમિતે સુપર મેગા રક્તદાન શિબિર, નેત્ર, દંત આયુર્વેક કેમ્પ યોજાશે

અમરેલી, જેઓશ્રીની તપશ્ચર્યા, સાધના અને યોગાશક્તિનાં પ્રભાવથી ભાવનગર જિલ્લાનાં ટીંબી ગામે આવેલી માનવસેવા હોસ્પિટલ છેલ્લા ૧૩ વર્ષોથી અવિરતરૂપે લાખોની સંખ્યામાં દર્દીનારાયણની તમામ પ્રકારની આરોગ્યસેવા તદ્દન નિઃશુલ્કરૂપે કરી રહી છે એવી આ હોસ્પિટલનાં પ્રણેતા પૂજ્યપાદ સંતવર્યસ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં ચરણોમાં અનન્યનિષ્ઠા અને આસ્થા ધરાવનારો ખૂબ મોટો સમુદાય વસી રહ્યો છે. સુરત નગરનાં આંગણે પૂજ્યપાદ સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ અને સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજની પાવન નિશ્રામાં આગામી તા.૨૧.૦૭.૨૦૨૪ને રવિવારનાં રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવનું ભવ્ય અને અદ્વિતીય આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પર્વનાં અનુસંધાને ટીંબી હોસ્પિટલનાં દર્દીઓનાં લાભાર્થે ખૂબ મોટા એકત્રિત કરવાના પ્રયાસરૂપે સુપર મેગા રક્તદાન મહાશિબિર પણ આયોજિત કરવામાં આવી છે હેવન પાર્ટીપ્લોટ, કેનાલરોડ, શિવપાર્ટીપ્લોટની આગળ, કોસમાડા પાટીયા સુરત ખાતે કેમ્પ અંગે વધુ વિગતો માટે ૯૮૧૯૨ ૬૧૩૧૪, ૯૩૨૮૫ ૨૨૧૦૬, ૯૯૦૯૨ ૪૫૫૦૬નો સંપર્ક કરવા જણાવાયુંછે.

### પહેલા પાનાનું
### હોબાળો મચ્યો

(પહેલા પાનાનું)

સેન્ટરમાં ફોન સતત કરતા સંતોષકારક જવાબ નહિ મળતા રોષ અધિકારીઓ દ્વારા ફોન રિસીવ નહી કરતા વધુ રોષ જોવા મળ્યો હતો વીજ કચેરીમાં રાતે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મનીષભાઈ વાળા, તાલુકા પંચાયત પ્રમુખના પતિ ધીરજભાઈ પુરોહિત, રાજુલા શહેર ભાજપ મહામંત્રી અને નાગરિક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા, સહિત સોસાયટીના રહીશો સ્થાનિકો અને કેટલાક ભાજપના કાર્યકર્તાઓ પોહચીયા હતા અને ભારે રોષ સાથે વિરોધ નોંધાવ્યો હતો પીજીવીસીએલ કચેરીમાં ફોન નહિ ઉપાડવા મુદ્દે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો જોકે રાજુલા શહેરમાં આવેલ સવિતાનગર ફીડર ફોલ્ટમાં જવાના કારણે વીજળી ગુલ થઈ હોવાનું પીજીવીસીએલ દ્વારા કારણ દર્શાવ્યું હતુ મામલો વધુ ઉગ્ર બનતા પોલીસની ટીમ પીજીવીસીએલમાં દોડી આવી હતી પોલીસ દ્વારા અંતે મામલો શાંત પાડવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. મુખ્ય અધિકારી દ્વારા ટેલિફોનિક વાતચીત કરી સવારે રૂબરૂ બેઠક કરી યોગ્ય કાર્યવાહી કરવા માટેની ખાત્રી આપ્યા બાદ મધરાતે મામલો શાંત પડ્યો હતો. રાજુલા તાલુકા પંચાયત પ્રમુખના પતિ ધીરજભાઈ પુરોહિતએ જણાવ્યુ સવિતાનગર ફીડર કાયમી માટે ફોલ્ટમાં હોય છે પીજીવીસીએલ કોલ સેન્ટરમાં કોલ લાગતો નથી પબ્લિકને જવાબ મળતો નથી વેપારીઓ લોકો દિવસે ધંધા કરતા હોય રાતે લાઈટ ન હોય જેના કારણે સુય શકતા નથી પીજીવીસીએલની ૨ કલાક સુધી લાઈટ આવતી ન હોય જેના કારણે બધા ભેગા થયા હતા હાલમા કાયમી ફીડર શરૂ રહેવા માટેની ખાત્રી પીજીવીસીએલ અધિકારી દ્વારા આપી છે. રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ મનીષભાઈ વાળાએ જણાવ્યું સવિતાનગરમાં ૧૨ વાગે લાઈટ ગઈ હતી સતત મને કોલ આવતા હતા કોલ સેન્ટરમાં કોઈ ઉપાડે નહિ લાઈટ આવી ગઈ છે અને અધિકારીએ સવારે મળવા માટેની બાહેનધરી આપી છે જેના કારણે અમે પીજીવીસીએલનું હાલ મેદાન છોડી રહ્યા છીએ.

શું કહે છે પીજીવીસીએલ?

રાજુલા પીજીવીસીએલ નાયબ ઈજનેર રામભાઈ બલાઈએ કહ્યું, રાતે લાઈન ઉપર અચાનક ચામાચીડ્યું પડ્યું હતુ જેના કારણે ફોલ્ટ આવ્યો હતો. અમારા જુનિયર એન્જીનયર રાતે હાજર જ હતા અને રાજુલા શહેરમાં હજારોની સંખ્યામાં કનેક્શન છે કોલ સેન્ટર ઉપર એક સાથે કોલ આવતા હોય છે ત્યારે કેટલીક વખત કોલ વ્યવસ્થ આવતો હોય છે રાતે જ ફોલ્ટ દૂર કરી લાઈટ અમારી ટીમએ આપી દીધી છે હાલ કોઈ પ્રશ્ન નથી.

## રાજુલાના રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ અગ્રણી જીતેન્દ્રભાઇ દવેનું નિધન

### હાર્ટ એટેક આવી જતાં અંતિમ શ્વાસ લીધા : ઘેરો શોક



રાજુલા,

રાજુલાના રાજગોર બ્રાહ્મણ જીતેન્દ્રભાઈ દવે ઉ.વ. ૬૭ને બુધવારે હાર્ટએટેક આવી જતાં અવસાન થયું છે. તેઓ સ્વ. હરિશંકરભાઈ લક્ષ્મણભાઈ દવેના પુત્ર તેમજ સ્વ. વસંતરાય, સ્વ. શિવભાઈ પત્રકાર, સ્વ. ધીરજભાઈ તેમજ લીલાવંતીબેન મહેતાના અને મધુબેનના ભાઈ તેમજ ભાનુભાઈ રાજગોર રાજુલા સમસ્ત બ્રહ્મ સમાજના અને રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ તેમજ દોલુભાઈ, પ્રતાપભાઈ, સ્વ. કનુભાઈના કાકાના દિકરા ભાઈ તેમજ મિનાબેનના પતિ, હર્ષિતભાઈ દવે અને દેવાંગીબેનના પિતા તેમજ મેહુલભાઈ , મિતુલભાઈ હેતલબેન, જાનુબેનના કાકા અને મનસુખભાઈ જે મહેતાના સાળા અને પત્રકાર મનિષભાઈ મહેતા તેમજ સચિનદેવ મેહતાના મામા અને અમરેલી મુળશંકરભાઈ તેરૈયાના જમાઈ થાય સ્વ. શિવકુમાર રાજયગુરૂના મોટાભાઈ થાય છે.

### અવસાન નોંધ

રાજુલા

રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના રાજગોર જીતેન્દ્રભાઈ દવે ઉમર વર્ષ ૬૭ નુ તારીખ ૧૭/૦૭/૨૦૨૪ ને બુધવાર ના રોજ હાર્ટ એટેક આવી જતા તેમનું દુ:ખદ અવસાન થયેલ છે તેઓ સ્વ હરિશંકરભાઈ લક્ષ્મણભાઈ દવે ના પુત્ર તેમજ સ્વ વસંતરાય. સ્વ શિવભાઈ પત્રકાર. સ્વ ધીરજભાઈ. તેમજ લીલાવતીબેન એમ મહેતા (બેબબેન). મધુબેન ના ભાઈ તેમજ ભાનુભાઈ રાજગોર રાજુલા સમસ્ત બ્રહ્મ સમાજના અને રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ ના પ્રમુખ તેમજ દોલુભાઈ. પ્રતાપભાઈ. સ્વ કનુભાઈ ના કાકાના દીકરા ભાઈ તેમજ મીનાબેન ના પતિ હર્ષિતભાઈ દવે અને દેવાંગીબેન ના પિતા તેમજ મેહુલભાઈ. મિતુલભાઈ. હેતલબેન. જાનુબેન ના કાકા તેમજ મનસુખભાઈ જે મહેતા ના સાળા અને પત્રકાર મનીષભાઈ મહેતા તેમજ સચિન દેવ મહેતા ના મામા થાય અમરેલી મુળશંકરભાઈ આર તેરૈયા ના જમાઈ થાય સ્વર્ગસ્થ શિવ કુમાર રાજયગુરુ નામ મોટાભાઈ થાય છે

## લીલીયા અને ક્રાંકચમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### વિનામુલ્યે કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની સેવા : દર્દીઓ ઉમટયા



ગોઢાવદર, (ભરત વિંઝુડા)

જિલ્લા પંચાયત અમરેલી અને આરોગ્ય સમિતિ જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે લીલીયા તાલુકા મા જિલ્લા પંચાયત ની સીટ મોટા લીલીયા તથા ક્રાંકચ ખાતે આજે તારીખ ૧૫/૦૭/૨૦૨૪ ના રોજ સર્વ રોગ નિદાન કેમ્પ તથા આધાર કાર્ડ કેમ્પ નુ આયોજન કરવામાં આવેલ. મોટા લીલીયા ખાતે આ કેમ્પ શ્રી પે સેન્ટર કન્યા શાળા ખાતે યોજાયો. આ કેમ્પમાં શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધિ શ્રી ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ શ્રી કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, કેપ્ટન અરજણભાઈ ધામત હાજર રહેલા તથા ક્રાંકચ ખાતેના કેમ્પમાં તાલુકા પંચાયત સભ્ય શ્રી જયસુખભાઈ સુરાણી હાજર રહેલા.





... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર +પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

મકાન વેચવાનું છે
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મકાન વેચવાનું છે
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે
(ગેસ, ગટર, પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

મકાન વેચવાનું છે
અક્ષર બંગ્લોઝ - કાનાણીની વાડી - ચક્કરગઢ રોડ - ૩ બેડ (એટેચ) ૧ હોલ - ૧, કિચન - ૧, સ્ટોર રૂમ, ફળીયુ, કારપાર્કીંગ, ટીપટોપ કંડીશન, ફિક્સ ફર્નિચર, ગુજરાત ગેસ કનેકશન, ગટર, પાણીની ૨૪ કલાક સુવિધા સાથે. વ્યાજબી કિંમતથી આપવાનું છે.
(દલાલ ભાઇઓ માફ)
સંપર્ક : નં.૯૪૨૭૭ ૪૮૪૬૦

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં..
ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૬૬૪

॥ જય મેલડીમાં ॥
૨૦ વર્ષનાં જુના અને જાણીતા
જય ખોડિયાર વેલ્ડીંગ વર્કસ
તમામ પ્રકારના ટ્રી ગાર્ડ (પીંજરા) ઓર્ડરથી બનાવી આપીશુ (હોલસેલ અને રીટેઇલ)
આપના બગીચા ફાર્મહાઉસમાં તેમજ ખેતરની આજુબાજુમાં પશુઓથી આપના કિંમતી વૃક્ષનું જતન કરવા માટે આજે જ ટ્રી ગાર્ડ વસાવો
ટ્રી ગાર્ડ ઓર્ડર કરવા માટે સંપર્ક કરો
આશીષ મકવાણા મો.૮૨૦૦૩ ૫૯૧૫૦
જયદીપ મકવાણા મો.૮૨૦૦૩ ૦૯૩૩૨
મુ.પીઠવાજાળ, તા.જિ.અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૮-૦૭-૨૦૨૪ ગુરૂવાર

# આપડા અમરવલ્લીમાં વરસાદી માહોલ છતાં પણ દેશભરમાં સરેરાશ ચોમાસુ ધીમું પડ્યું છે

સમગ્ર દેશમાં ચોમાસુ ધીમું પડ્યું છે, એને કારણે કિસાનોમાં ચિંતાનું વાતાવરણ છે. આ વખતે અતિવૃષ્ટિએ પૂર્વ ભારતમાં હજુ પણ વરસાદી વાદળો છવાયેલા છે અને બ્રહ્મપુત્ર નદી જે દર વર્ષે ભરચોમાસે પાગલ થતી હોય તે આ વખતે બહુ વહેલા તોફાની બની ગઈ હતી. આસામના મોટાભાગના વિસ્તારોમાં જળ પ્રલયની પરિસ્થિતિ હતી અને છેલ્લા બે દિવસથી ફરી એની એ જ પ્રલય દશામાં આસામ ધકેલાઈ ગયું છે. બ્રહ્મપુત્રના ઘૂઘવાટા કરતા અને ફૂંફાડા મારતા પ્રવાહો ચોતરફ ફરી વળ્યા છે. સરેરાશ જુઓ તો ઉત્તર ભારતમાં વરસાદ પાછો પડ્યો વરસાદના નવા રાઉન્ડની આગાહી હવામાન ખાતાએ કરી હતી પણ માંગ્યા મેહ એમ કાંઈ વરસે? ઊભા થતા પાકને હજુ વરસાદી જળની જરૂર છે. દેશના મીડિયામાં હિમાચલ, આસામ અને ઉત્તરાખંડમાં નાગરિકોની જે પરિસ્થિતિ છે એનાથી બાકીનું શેષ ભારત હજુ વાકેફ નથી. આટલી જ તબાહી જો મહારાષ્ટ્ર કે ઉત્તર પ્રદેશમાં થઈ હોત પુર રાહતના ધમધોકાર કામ શરૂ થઈ ગયા હોત. રાજ્ય તરીકે કે મનુષ્ય તરીકે નાના હોવું એ ભારતમાં સૌથી મોટી આપત્તિ છે.

ચોમાસુ ધીમું પડયું છે, પરંતુ એનો અર્થ એ નથી કે આકાશમાં વરસાદના વાદળો નથી. કર્ણાટક અને કેરળથી દૂર અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ અત્યારે સેટેલાઈટ નકશામાં દેખાય છે, આવનારા થોડા દિવસમાં કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્ર પર ધોધમાર વરસાદ તાણી લાવશે. પરંતુ એ માત્ર સંભાવના છે. ઉપરાંત એ જ હવાનું હળવું દબાણ ઉપર આવતા દક્ષિણ ગુજરાતને સ્પર્શ કરશે અને ત્યાં પણ ધોધમાર વરસાદ આવશે. એમ હવામાન નિષ્ણાતો કહે છે પણ એય હવે તો સંભાવના જ છે. ગુજરાતમાં ચોમાસાની જમાવટ તારીખ ક્યારે થશે એ પ્રશ્ન છે. તો પણ અરબી સમુદ્રના પ્રભાવથી પ્રચ્છન્ન વરસાદ તો રહેશે. જેમણે વાવણી કરી દીધી છે એમને ટેકો મળી જાય એવી સંભાવના છે. જેમણે પોતાના પાકને એકાદ-બે પાણ પાવામાં એટલે કે થોડી સિંચાઈ કરી લેવામાં વાંધો નથી એને તો કોઈ તકલીફ જ નથી. આ જેને વરસાદ પહેલાની ઝલક કહેવાય એટલે કે પ્રિ-મોન્સૂન શાવર એના નિયત સમયપત્રક કરતાં વહેલા હતા અને એને કારણે જ અસલી ચોમાસુ પણ વેરવિખેર થયેલું છે.

બંગાળના અખાત પર આકાર લેતા વાતાવરણનો જે લાભ પૂર્વ ભારતથી શરૂ કરીને મધ્ય અને પશ્ચિમ ભારતને તથા પાકિસ્તાન સુધી મળતો રહ્યો છે તેમાં આ હિમાલયન પવનોએ દિશા બદલતા ચિત્ર બદલાયું છે. શ્રીલંકાથી બંગાળના અખાત સુધીના દરિયા પર વરસાદી પવનોએ એકચક્રી શાસન કર્યું હતું. બંગાળના અખાતમાંથી સર્જાયેલા વાદળોના ઘટાટોપ સમૂહને ભારતના મધ્ય પટ્ટામાં વહેતા કરવા માટે પૂર્વ થી પશ્ચિમ તરફનો પવન જરૂરી હોય છે, પરંતુ ગુજરાતમાં રોજ સાંજે પ્રજાને અનુભવ થાય છે તેમ હમણાંથી પડી જાય છે, એટલે કે સ્થિર થઈ જાય છે. આસામ ઉપર પણ પવન સ્થિર થઈ જતા અને હિમાલયન પવનો ઈશાન દિશાથી ગુજરાત તરફ જવાને બદલે પૂર્વ તરફ ફંટાયા છે, એટલે બંગાળના અખાત ઉપરનો ચોમાસાનો પ્રથમ રાઉન્ડ એકસાથે આસામમાં વરસી પડયો. જેનો ભારતના અન્ય રાજ્યોને લાભ મળ્યો નથી અને જળ પ્રલય થઈ ગયો હતો.

અગાઉના વરસે ગુજરાતમાં લીંબુના ભાવ એક કિલોના ત્રણસો રૂપિયા સુધી પહોંચી ગયા હતા. આજે યાર્ડમાં એટલા જ રૂપિયામાં લીંબુ એક મણ મળે છે. આ વખતે એ રંગ ટમેટાએ બતાવ્યો હતો. પહેલેથી જ નિષ્ણાત હવામાન શાસ્ત્રીઓએ કહ્યું છે કે આ વખતનો વરસ સારું છે પરંતુ ઘરાવે છે એટલે કે વરસાદ વરસવામાં અત્યારની જેમ વચ્ચે વચ્ચે અંતર આવવાનું નિશ્ચિત છે. જે કિસાનો પાસે થોડી ઘણી પિયતની વ્યવસ્થા હશે તેને માટે આ ચોમાસુ સોનાની લગડી નીવડશે પરંતુ એ નહિ હોય ત્યાં આઠ આની કે છ આની જેવો વરતારો રહેવાનો છે. કપાસ વાવવામાં કિસાનોએ થોડી ઉતાવળ કરી રાજ્યમાં લાખો હેક્ટરમાં કપાસની વાવણી પૂરી થઈ ગઈ એને પણ મહિનો વીતી ગયો છે.

ગુજરાતમાં સરેરાશ વાદળછાયું વાતાવરણ છે અને હવામાં ભેજનું પ્રમાણ પૂરતું છે એટલે કિસાનોએ બીજી વખત વાવણી કરવાનો વારો નહિ આવે. જે રીતે છુટક છુટક વરસાદ આવે છે તે જોતાં ખરે સમયે પાકને પ્રારંભિક ઉછેર વેળાનો મળી રહેશે. જેટલો વિલંબ અત્યારે દેખાય છે એટલો બસ છે. મેઘરાજાનો આનાથી વધુ વિલંબ કિસાનો વેઠી શકે એમ નથી.

# અમરેલીમાં લોન લેવડાવી કાર બારોબાર વહેંચી છેતરપિંડી કરી

## રૂપિયા ૪ લાખ ૩૮ હજારની છેતરપિંડી કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી લાઠી રોડ ટાટા મોટર શોરૂમ તથા જુદી જુદી જગ્યાએ લાઠીના અને મુળ હરીપર ગામના પરેશભાઈ કેશુભાઈ ભાસ્કર ઉ.વ.૩૫ સાથે મિત્રતાના નાતે આરોપી ઢાંગલા ગામના કિરીટ જોરૂભાઈ ખુમાણે પોતાના માટે કાર લેવા ટાટા ફાયનાન્સ ભાવનગરમાંથી રૂ.૪,૩૮,૦૦૦ની કાર લોન લેવડાવી ફરિયાદીની જાણ બહાર ટાટા મોટર્સ અમરેલી શોરૂમમાંથી ટાટા ઝેસ્ટ કારની ડિલીવરી લઈ કારના હપ્તાઓ નહીં ભરી બારોબાર ફરિયાદીની જાણ બહાર રાજદિપ ધાધલને ગીરવે આપી દીધેલ અને તેઓએ બીજાને કાર વેંચી દઈ ફરિયાદી સાથે છેતરપિંડી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### મોબાઇલ તોડી છેડતી કરી

# જાફરાબાદ નજીક રોહિશા ગામે માતા અને પુત્ર ઉપર હુમલો કર્યો

## એક મહિલા સહિત છએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)જાફરાબાદ મરીનના રોહિશા ગામે રહેતાં રાજુબેન ઉર્ફે રાજીબેન ભીખુભાઈ વાઘેલા ઉ.વ.૫૦ના દિકરા નરેશભાઈ સાથે આરોપીઓએ અગાઉનું મનદુઃખ રાખી નરેશભાઈ તથા રાજીબેનના દિકરા રામજીભાઈને રાકેશ ભીમાભાઈ વાઘેલા, મનોજ ઉર્ફે ટાયગર ચુડાસમા, છગન ભુરાભાઈ, મહેશ રમેશભાઈ વાઘેલાએ ગાળો બોલી શરીરે જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મારમારી ધમકી આપી રાકેશે નરેશનભાઈને હાથ ઉપર લોખંડનું પાનુ મારી મુંઢ ઈજા કરી મનોજ ઉર્ફે ટાયગરે રાજીબેનની છેડતી કરી રાકેશે નરેશભાઈનો મોબાઈલ ફોન તોડી રૂા.૭૦૦૦નું નુકશાન કરી મોટા દિવાળીબેન તથા ભાભી સમજુબેનને જીણુબેન ભીમાભાઈ વાઘેલાએ ઢીકાપાટુ વડે મુંઢમાર મારી ભાવેશ ભીમાભાઈ વાઘેલાએ ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પત્નિના મૃત્યુ બાદ વિશ્વાસમાં લઇ વિધી કરવાના બહાને

# બાબરાના તાઇવદરમાં યુવાન સાથે ૬૦ હજારની છેતરપિંડી

## મટકીમાં સોનાના દાગીના રાખી સીગારેટ લઇ આવનુ કહીં દાગીના કાઢી છેતરપિંડી કરી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

બાબરા તાલુકાના તાઈવદર ગામે રહેતાં ભગાભાઈ ઘોહાભાઈ ગોલાણી ઉ.વ.૩૧ના પત્ની તા.૨૩-૧૧-૨૨ના મૃત્યુ પામેલ હોય જેથી તેમને આઘાત લાગેલ હોય અને પત્નીના મૃત્યુ બાદ કયાંય ગમતુ ન હોય અને બેચેની રહેતી હોય જેથી જગાભાઈ મંદિરો તથા આશ્રમમાં અવાર જતાં હોય દરમિયાન અમરાપરા પે સેન્ટર પાસે આવેલ ખોડિયાર મંદિરે આરોપી નિલેશ વ્યાસ ભાવનગરની સાથે મુલાકાત થયેલ અને પોતે હોમ હવન અને વિધીઓ કરે છે. તેવું કહી જગાભાઈને વિશ્વાસમાં લઈ ૧૩ કુવારી બાળાઓને ભોજન કરાવે તો તેના મનને શાંતિ થશે. તેવું કરવા છતાં કોઈ ફરક ન પડતા આરોપીએ જગાભાઈ પત્નિનું સોનાનું ઘરેણુ ઘરમાં હોય જેમાં તમારી પત્નીનો મોહ રહી ગયેલ હશે. તેની વિધી કરવી પડશે તેથી તા.૨૪-૧૨-૨૩ના પોતા ઘરે પત્નીના બે જોડ બુટી, સોનાનો ચેઈન, ગળામાં પહેરવાનું માદળીયુ મળી રૂા.૬૦,૦૦૦ના દાગીના વિધીમાં રાખવા એક નાની મટકીમાં રખાવી તેમાં પુજાની સામગ્રી નાખી એક લીંબુ નાખી જગાભાઈને બહારથી સીગારેટ લઈ આવનું કહેતા તેઓ સીગારેટ લેવા જતાં મટકીમાં સોનાના ઘરેણા આરોપીએ લઈ મટકા ઉપર કપડુ બાંધી દઈ ફરિયાદી સીગારેટ લઈને આવતાં કહેલ કે આ મટકુ તમારે ખોલવાનું નથી છ મહિના પછી ખોલશો એટલે તમારાને શાંતિ થશે તેવો વિશ્વાસ આપી સોનાના ઘરેણા લઈ જઈ છેતરપિંડી કરી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવો

## મોટા ઉજળા તથા ધારીના પ્રેમપરામાં બે વૃધ્ધના વિજશોક લાગતા મોત નિપજયાં

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવો પોલીસમાં જાહેર થયેલ જેમાં મોટા ઉજળા તથા ધારીના પ્રેમપરામાં બે વૃદ્ધના વિજ શોક લાગવાથી મોત નિપજયા હતાં. જેમાં વડીયાના મોટા ઉજળામાં શંભુભાઈ કરમશીભાઈ સખવાલા ઉ.વ. ૬૨ પોતાની વાડીમાં નવી ઓરડી બનાવવાનું કામ ગામના સોહમભાઈ નાગજીભાઈ ચૌહાણને આપેલ હોય અને મરણજનાર તથા સોહમભાઈ ચૌહાણ બન્ને બાજુની જુની ઓરડીમાં રાખેલ ઈલેકટ્રીક વિજ મીટર હોય ત્યાં લાઈટ ચાલુ કરવા કે રિપેર કરવા ગયેલ તે વખતે બન્નેના વિજશોક લાગતા પ્રથમ કુંકાવાવ દવાખાને સારવારમાં લઈ જતાં ફરજ પરના તબીબે શંભુભાઈને તપાસીને મૃત જાહેર કરેલ અને સોહમભાઈને વધુ સારવાર માટે બીજે દવાખાને રીફર કરેલ હોવાનું બાબુભાઈ કરમશીભાઈ શખવાલાએ વડીયા પોલીસમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં ધારી પ્રેમપરામાં રહેતાં મથુરભાઈ નરસિંહભાઈ ભાલીયા ઉ.વ. ૬૭ પોતાની વાડીએ ઈલેકટ્રીક મોટરની ઓરડીમાં ફયુઝના નીચેના ભાગે લગફીટ કરતાં અકસ્મતો વિજ શોક લાગતાં ધારી સરકારી દવાખાને લાવતાં મૃત્યું નિપજયાનું ખીમજીભાઈ મથુરભાઈ ભાલીયાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલીમાં થયેલ ચિલ ઝડપના આરોપીઓને મુદામાલ સાથે ઝડપી લેતી એલસીબીની ટીમ

## રોકડ, ઓટો રિક્ષા, એંડ્રોઇડ મોબાઇલ કુલ રૂા.૧,૭૩,૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો



અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જુના માર્કેટયાર્ડ સામે વરૂડીના વલ્લભભાઈ પોપટભાઈ પરવાડીયા અંજલી સીડસ એન્ડ ફર્ટિલાઈઝર નામની દુકાનમાં હતાં તે દરમિયાન અજાણ્યા શખ્સોએ આવી સીમેન્ટની થેલી લેવાના બહાને વલ્લભભાઈને અંદર લઈ જઈ દુકાનના કાઉન્ટરમાં રાખેલ રોકડ રૂા.૯૮,૪૦૦ની ચિલ ઝડપ કરી વલ્લભભાઈને ધકકો મારી પછાડી રિક્ષામાં નાસી ગયેલ નાસી ગયાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ થતાં પોલીસ પોલીસ અધિક્ષક હિંમકરસિંહના માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબીના પીઆઈ એ.એમ.પટેલ, એએસઆઈ ભગવાનભાઈ ભીલ, હે.કોન્સ. કિશનભાઈ આસોદરીયા, તુષારભાઈ પાંચાણી, પો.કોન્સ. ઉદયભાઈ મેણીયા, ભાવીનગીરી ગૌસ્વામી, રમેશભાઈ શીશારાએ સિસીટીવ ફુટેજ ચેક કરી રિક્ષાના નંબરો મેળવી આરોપી રાજેન્દ્ર રૂપસિંગ ધાધલ, ધનસિંગ રામસિંગ સોલંકી, સનિ ભીમસિંગ પરમાર, ધનસિંગ છોટુભાઈ ડાભી રહે. જામનગરવાળાઓને રોકડ રૂા. ૯૮,૪૦૦ તથા સીએનજી ઓટોરિક્ષા જી જે ૧૦ ટીડબલ્યુ ૩૬૮૭ રૂા.૭૦,૦૦૦ એક મોબાઈલ રૂા.૫ ૦૦૦ મળી કુલ રૂા.૧,૭૩,૪૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ગણતરીના કલાકોમાં ગુનોનો ભેદ ઉકેલ્યો હતો.

# સરકારી ભરતીઓમાં કોન્ટ્રાકપ્રથા નાબુદ કરવા કોઇ નિર્ણય લેવાયો નથી

## કોન્ટ્રાકટથી થયેલી ભરતીના સ્થાને કાયમી ભરતી કરવા અંગે સામાન્ય વહીવટ વિભાગની સ્પષ્ટતા

અમરેલી,કેટલાક સમાચાર માધ્યમોમાં તથા સોશિયલ મિડીયામાં સરકારશ્રી દ્વારા વર્ગ-૩ અને વર્ગ- ૪ સહિત કોન્ટ્રાક્ટથી થયેલી ભરતીના સ્થાને કાયમી ભરતી કરવા તથા સરકારી ભરતીઓમાંથી કોન્ટ્રાકટ પ્રથા નાબૂદ કરવા અંગે નિર્ણય લેવાયો હોવા બાબતના સમાચાર પ્રસિદ્ધ થયેલ છે, જે સત્યથી વેગળા છે. સરકારશ્રી દ્વારા આ બાબતે કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી કે આ અંગે કોઈ સૂચના આપવામાં આવેલ નથી. આ અંગેની સરકારશ્રીની હાલની નીતિ યથાવત છે.તેમ સામાન્ય વહીવટ વિભાગ ગુજરાત સરકારના સંયુકત સચિવ રોનક મહેતાએ જણાવ્યું છે.

# ખાંભાના પત્રકાર રૂચિત મહેતાનો આજે જન્મદિન

## શ્રી રૂચિત મહેતાના જન્મદિને સેવા સાથે ઉજવણી



ખાંભા, ખાંભા પંથકના અવધટાઈમ્સના યુવાન પત્રકાર શ્રી રૂચિત મહેતોનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિને સેવાકીય કાર્યો સાથે ઉજવણી કરશે. ખાંભાના વિવિધ ક્ષેત્રના આગેવાનો, મહાનુભવો અને વેપારીઓ સહિત સગા સ્નેહી પરિવારજનો દ્વારા આજે શુભકામનાઓનો ધોધ વહેતો થશે. (મો.નં.૯૭૧૪૯૫૭૭૦૦)

# બાબરામાં બે પરિવારજનો વચ્ચે મારામારી

## લાકડા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)બાબરા આશરા નગરમાં ભાવનાબેન હરેશભાઈ મેવાડા ઉ.વ.૩૫ ના ઘરની બાજુમાં લાકડા ગોઠવીને મુકેલ હોય તે સમયે વાલજી મેવાડા પોતાનું બાઈક લઈ નીકળી ગોઠવેલ લાકડા પછાડી બાજુમાંથી લાકડુ લઈ ગાલ ઉપર મારી લીલાબેન, મહેશ, મિનાક્ષીબેન મેવાડાએ ગાળો બોલી લાકડા અહીં મુકવા નહીં તેવું કહી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે લીલાબેન વાલજીભાઈ મેવાડા ઉ.વ.૫૫ પોતાના ઘરે હાજર હોય તે દરમિયાન હરેશ મેવાડાએ ઘરે જઈ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા બાજુમાં પડેલ લાકડુ લઈ ડાબા હાથે મારમારી ભાવનાબેન તથા પિયુષ મેવાડાએ ગાળો બોલી બીજીવાર સામે આવશો તો સારવાર નહીં રહે તેવી ધમકી આપી એકબીજાએ મદદગારી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# આંગડીયા પેઢીનાં કર્મચારીને આંતરી રોકડ રકમની લુંટ કરનાર ૨ વ્યક્તિને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યાં

# લીલીયામાં મરી જવા માટે મજબુર કર્યાનાં ગુનામાં મહિલાનાં પતિના જામીન મંજુર

## એડવોકેટ કિશોરભાઇ પાઠકની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ



લીલીયા,(મહેશ દવે) લીલીયામાં રહેતાં અભિષેકભાઈ મહેશભાઈ કાનાણીના પત્નિ સરોજબેન ગત તા.૧૫-૬-૨૧ના ગળાફાંસો ખાઈ ઘરમાં જ આપઘાત કરી લીધેલ તે બાબતની શારિરીક ત્રાસ અને મરી જવા મજબુર કરવાના ગુનામાં મરણજનારા મહિલાના પિતાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ કરતાં આરોપી છેલ્લા એક માસથી જેલમાં હોય ત્યાર બાદ સાવરકુંડલા સેશન્સ કોર્ટમાં આરોપીના એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો તથા ટેકનિકલ વિષય પર ની ખાસ દલીલોને ધ્યાને લઈ આરોપીને કોર્ટે જામીન ઉપર છોડવા હુકમ કર્યો હતો.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૧૮.૭.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ સુદ બારસ , જયેષ્ઠા નક્ષત્ર , શુક્લ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન ,ય ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો. નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

વૃષભ (બ,વ,ઉ) : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો,પ્રગતિકારક દિવસ રહે.

મિથુન (ક,છ,ઘ) : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે ,આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

કર્ક (ડ,હ) : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,દિવસ લાભદાયક રહે.

સિંહ (મ,ટ) : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

કન્યા (પ ,ઠ ,ણ ) : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે ,પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે,આગળ વધવાની તક મળે.

તુલા (ર,ત) : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે ,વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,દિવસ ખુશનુમા વીતે .

વૃશ્ચિક (ન ,ય ) : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે ,ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.

ધન (ધ ,ભ ,ફ ,ઢ ) : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

મકર (ખ ,જ ) : વિદ્યાર્થીવર્ગ ને ઉચ્ચ અભ્યાસ માં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

કુંભ (ગ ,સ,શ ) : આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ માં પસાર થાય.

મીન (દ ,ચ ,ઝ ,થ): આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે ,ભાઈ ભાંડુ સુખ સારું રહે,અંગત મિત્રોની

### જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા

# કેરિયાનાગસમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

## પ્રાથમિક શાળા ખાતે સર્વરોગ નિદાન કેમ્પમાં દર્દીઓ ઉમટયા




કેરિયાનાગસ,(ભરત હરખાણી)

કેરિયાનાગસ જિલ્લા પંચાયત બેઠકમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પ્રાથમિક શાળામાં સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં સીડીએચઓ ડો. જોષી, ડો. સાલ્વી, ડો. સિંગ, ડો. જાટ, ડો. સિન્હાની સુચના અને માર્ગદર્શન નીચે કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોએ સેવા આપી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, પુર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, મુકેશભાઈ બગડા, સરપંચ રાજુભાઈ મેવાડા, મનસુખભાઈ ગાંગડીયા, રાજુભાઈ ઠાકોર, તાલુકા ભાજપ ઉપપ્રમુખ કલ્પેશભાઈ મેતલીયા, ભરતભાઈ હરખાણી, સુનિલભાઈ માધડની ઉપસ્થિતિમાં સર્વરોગ કેમ્પમાં ડો. ઉત્સવ ગોહિલ, ડો. સ્વીટી ભુવા, ડો. પિયુષ ત્રિવેદી, ડો. કિશન ગોહિલ, ડો. રાજુ કથીરીયા, રૂકષાનાબેન ભટ્ટી, શ્રી હિરાણી, શ્રી વાળા, શ્રી ખોરાસીયા, શ્રી સોલંકી, શ્રી ગુંજન પંડયા, શ્રી રશ્મિબેન, શ્રી હેતલબેન જોષી, શ્રી અંકિતાબેન, શ્રી મિતલબેન, શ્રી હિનાબેન મેરીયા તેમજ આયુષ્યામન આરોગ્ય મંદિર કેરિયાનાગસના સ્ટાફે હાજર રહી સેવા આપી હતી. કેમ્પમાં આવનાર દરેકને ડો. સોનલબેન રિબડીયા દ્વારા આર્યુવેદીક ઔસધી યુકત ઉકાળું વિતરણ કર્યુ હતું. કેમ્પ સફળ બનાવવા ડો. સોનલબેન રિબડીયા તેમજ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી જિલ્લામાં આઠ શખ્સોને નશો કરેલી હાલતમાં પોલીસે ઝડપી પાડયા

## જિલ્લામાં ચાર સ્થળે દેશીદારૂના દરોડા : બે ઝડપાયા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળોએથી ૮ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં ચલાલા, વડીયા, જાફરાબાદ, સાવરકુંડલા રૂરલ, બાબરા, જાફરાબાદ મરીન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ અમરેલી જિલ્લામાં ચાર સ્થળોએ દેશીદારૂના દરોડાઓ પાડી બે શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં અમરેલી રૂરલ તેમજ બગસરા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# જાફરાબાદના ખાલસા કંથારીયા ગામે પ્રૌઢ ઉપર હુમલો

## એક શખ્સે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા ગામે જુના મનદુઃખના કારણે અશ્વિનભાઈ નારણભાઈ વેકરીયા ઉ.વ.૪૮ બાઈક લઈ મોટા બારમણ જવા નિકળેલ તે દરમિયાન ખાલસા કંથારીયા ગામે હુડીયા નદીના નાળા પાસે પહોંચતા તેના જ ગામના મયુર વલકુભાઈ વરૂ હાથમાં ગાડીના જપંરનો પાઈપ લઈને ઉભેલ અને અશ્વિનભાઈને ઉભા રાખી ડાભા પગમાં અને જમણા પગમાં પાઈપ મારી શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મુંઢ મારમારી ધમકી આપી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## આજનું તાપમાન અમરેલી

| | |
|---|---|
| મહત્તમ તાપમાન | ૩૫ |
| ન્યુનતમ તાપમાન | ૨૫.૮ |
| ભેજનું પ્રમાણ | ૮૨ |
| પવનની ગતિ સરેરાશ | ૭.૦ |

રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં

# અમદાવાદમાં ૨૧મીએ અનંત હોસ્પિટલનો ભવ્ય પ્રારંભ

**મુખ્ય મહેમાન પદે મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત, મંત્રીશ્રી હર્ષ સંઘવી, મંત્રીશ્રી જગદિશભાઇ પંચાલ, મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ, મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા, દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રી બાબુભાઇ પટેલ, શ્રી ભરતભાઇ સુતરીયા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિ**



અમદાવાદ,

અમદાવાદના નિકોલ ખાતે શહિદ મેજર રિૃષીકેશ રામાણી ગાર્ડન નિકોલ અમદાવાદ ખાતે અનંત હોસ્પિટલનોઉદઘાટન સમારોહ તા.૨૧-૭-૨૪ને સવારે ૧૦-૧૫ કલાકે યોજાશે જેમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સાંસદ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને અતિથી વિશેષપદે મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત, શ્રી હર્ષસંઘવી, શ્રી જગદિશભાઈ પંચાલ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી ભરતભાઈ સુતરીયા ખાસ ઉપસ્થિત રહેશે. ક્રિસ મેડીકેર પ્રાઈવેલ લીમીટેડના ડો. ભાવેશ ઠકકર, ડો. જીજ્ઞેશ સુતરીયા, ડો. આણંદ શુકલા, ડો. સંજય નાવડીયા, ડો. ઉત્સવ ઉન્નડકટ, ડો. દર્શિલ પરીખ, ડો. નિરવ શાહ, શરદ મિરાણી, ડો. તરૂણ મદન, ડો. કેતન પટેલ, ડો. સંજીવ પ્રજાપતિ, ડો. શિવલાલ મજબુદાર, ડો. દેવાંગ પટેલ, શ્રી નિશાંત વ્યાસ, ડો. જય શાહ, ડો. સોરીમ શાહ, ડો. ધ્રુવ જાડેજા, ડો. રૂત્વીક ત્રિવેદી, ડો. ઉત્સવ પટેલ અને શ્રી ભાવેશ લાઠીયાની ટીમ દ્વારા ઉદઘાટન સમારોહની તૈયારી થઈ રહી છે. અનંત હોસ્પિટલમાં ડો. ભાવીન દેસાઈ, ડો. અનિકેત શંકર, ડો. પ્રકાશ સાધવાણી, ડો. અમિત ભટ્ટ, ડો. ચિરાગ પંચાલ, ડો. રાજેશ શિશુ, ડો. પાર્થ જાની, ડો. ભાવિન મેટાલીયા, ડો. આશિર શાહ, ડો. દર્શન પટેલ, ડો. રેનીશ પટેલ, ડો. પુનિત રાવલ, ડો. બાદલ શાહ, ડો. જીગીસા ઠકકર, ડો. કોમલ વ્યાસ, ડો. જૈમીશ ગજજર, ડો. અનિમેશ શાહ, ડો. નવનીત કાપડીયા, ડો. હિરેન શાહ, ડો. અંકિત પટેલ, ડો. નવીન પટેલ, ડો. હિર પટેલ, ડો. રાજન મેરાઈ, ડો. કનક પટેલ, ડો. હેમલ નાયક, ડો. શિતલ શાહ, ડો. આશિષ શાહ, ડો. જલક શાહ, ડો. ઉમંગ પટેલ સહિતની ટીમ સેવા આપશે. અહીં તમામ રોગોના નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા અપનાર છે તેમ જણાવાયું છે.

## વાહ કયા સીન હૈ..!



### ભવ્ય

ચાંદગઢના ઠાકર પરિવારનો પુત્ર ભવ્ય ઠાકર મારા દાદા હર્ષદદાદા તથા મીનાબાનો લાડકો તો વળી ગીરીશદાદાનો અતિપ્રિય અને આરતી ફઈ તથા હર્ષદફુવાનો પ્રિય તેમજ મમ્મી રીનાબેન અને પપ્પા હિતેષભાઈનો વ્હાલો પુત્ર, આજે મારો જન્મદિન છે. ચોકલેટ અને કેક ખાવા જરૂરને જરૂર આવજો હોને...

## હેપ્પી બર્થડે : પાટીના પત્રકાર ભીખુભાઇ બોરીસાગરના પુત્ર શિવમનો આજે જન્મદિન

**શ્રી બોરીસાગર દ્વારા સેવાકીય ધાર્મિક કાર્યો સાથે ઉજવણી**



પાટી, ખાંભા તાલુકાના પાટી ગામના પત્રકાર ભીખુભાઈ બોરીસાગરનુ સુપુત્ર શિવમ બોરીસાગરનો આજે જન્મદિન છે. સરળ સ્વભાવ, હસમુખો ચહેરો અને ધર્મમય જીવન, પરોપકારી સ્વભાવ અને શિવઉપાસક ભીખુભાઈ તથા રૂપાબેનના સુપુત્ર શિવમ બોરીસાગરે પાટી ગામે માધ્યમિક શિક્ષણ બાદ ભાવનગરમાં હાલ બીએસસી નર્સિંગ મુકતાનંદબાપુના ચાંપરડા આશ્રમમાં કરી રહેલ છે. ધાર્મિક શાસ્ત્રોનું પણ જ્ઞાન ધરાવે છે. વિવિધ સ્પર્ધાઓમાં પણ અગ્રેસર રહેલ છે. આજે જન્મદિને પાટીમાં ઈશાનેશ્વર મહાદેવ મંદિર લઘુરુદ્ર સહિત ગાયો શ્વાનને ખવડાવી નાના ભુલકાઓને બટુક ભોજન કરાવાશે અને જન્મદિન ઉજવાશે તેમ ભીખુભાઈ બોરીસાગરે જણાવ્યું છે.

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત

# ચલાલા હરિબા મહિલા કોલેજ તથા ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરૂકુળ અને સંસ્કાર વિદ્યાલયમાં વાલી દિવસની ઉજવણી

**શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી આવેલા વાલીઓ પણ રાજી થયાં**



ચલાલા,

શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ - ૧૦ અને ધોરણ-૧૨ બોર્ડના સુંદર રીઝલ્ટ લાવી અને બાળકો નું જીવનઘડતર જ જેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તેમજ ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરુકુળ તથા હરિબા મહિલા કોલેજ માં વાલી મીટીંગ યોજાઈ હતી .જેમાં બધા વાલીઓ ખુબજ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દીકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી અને બાળકોએ પણ પ્રોજેક્ટર દ્વારા ખુબ સુંદર શૈક્ષણીક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું દયાન આપવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષ કારક જવાબ બાળકોએ આપ્યો હતો. પૂ.શ્રી. ડો. રતિદાદા તથા લાલજીકાકાએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળા માં અભ્યાસ સાથે ચાલતી સહ અભ્યાસીક પ્રવૃત્તિ માં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુટિંગ, જેવી અનેક પ્રવૃત્તિ ઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખુબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાના ડાયરેકટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા ચાચાર્ય શ્રી શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા

# ચાવંડમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

**કાણકીયા મહેતા હાઇસ્કુલ ખાતે સર્વરોગ કેમ્પનું આયોજન**



અમરેલી,તા.૧૫/૦૭/૨૦૨૪નાં જિલ્લા પંચાયત અમરેલી દ્વારા તેમની સીટ ચાવંડ ખાતે શ્રી કાણકીયા મહેતા હાઈસ્કુલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા અમરેલી જિલ્લા જાહેર આરોગ્ય સમિતી-અમરેલીનાં પુર્વ ચેરમેનશ્રી જીતુભાઈ બી. ડેર નાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરી આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૬૫ જેટલાં દર્દીઓ એ ભાગ લીધો હતો જેમા તાવ, શરદી, ઉધરસ અને અન્ય રોગોનાં દર્દીઓનું નિદાન કરવામાં આવ્યુ હતું. તેમ જ નવા આધાર કાર્ડ ,તેમ જ આયુષ્યમાન કાર્ડ અને અપડેશન માટે લાભાર્થીઓ લાભ લીધો હતો. કેન્દ્રનાં મે.ઓ શ્રી ડો.મુકેશસિંહ સાહેબ દ્વારા ચોમાસાની રૂતુ અંતર્ગત થતાં રોગો તેમ જ તેને અટકાવવાનાં ઉપાયોની વિશેષ ચર્ચા કરી હતી. આ આરોગ્ય કાર્યક્રમમાં ચાવંડ ગામના સરપંચશ્રી કપીલભાઈ આર.ડેર, તાલુકા પંચાયત લાઠીના પ્રમુખશ્રી રાકેશભાઈ કે.સોરઠીયા, પ્રા.આ.કે.ચાવંડનાં મેડીકલ ઓફીસર ડો.મુકેશસિંહ સાહેબ, આયુષ મેડીકલ ઓફીસર શ્રી જાનકીબેન જોષી, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી શ્રી શેખા સાહેબ, આયુર્વેદીક દવાખાનાનાં મેડીકલ ઓફિસર શ્રી સોલંકી સાહેબ, આઈ.સી.ડી.એસ વિભાગ લાઠીનાં સુપરવાઈજર શ્રી કાશ્મીરાબેન ભટ, હાઈસ્કુલનાં આચાર્ય શ્રી કેતનભાઈ મહેતા, મ.શિ શ્રી પરેશભાઈ રાવળ, શ્રી પ્રવિણભાઈ નાયકા, શ્રી કિશોરભાઈ ડેર, પ્રા.આ.કે.ચાવંડની ટીમ માં મેઈલ સુપરવાઈજરશ્રી રાવતભાઈ એમ.ગાગીયા, ફીમેલ સુપરવાઈજરશ્રી માલતીબેન આર.ખંભોળીયા, ફાર્મા. શ્રી પ્રતિકભાઈ સેજપાલ, લેબ ટેક શ્રી શીતલબેન મુંદડીયા, સી.એચ.ઓ શ્રી પ્રભાતભાઈ બાંભવા, મ.પ.હે.વ શ્રી મનોજભાઈ બારૈયા, આશા ફે.વર્ષાબેન કનાળા, ફી.હે.વ મનિષાબેન પરમાર, આશા બહેનોમાં ભાવુબેન ગોલીતર, નઝમાબેન સૈયદ, વૈશાલીબેન બંધિયા અને ડ્રાઈવરમાં જયસુખભાઈ યાદવ તમામ લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ખાંભાનાં હનુમાનગાળામાં વન વિભાગને કારણે સમગ્ર હિન્દુઓની લાગણી દુભાઇ

**ભગવા આર્મી દ્વારા રાજયના વનમંત્રીને રજુઆત કરાઇ**

ખાંભા,ગુજરાતનાં વિકાસમાં સરકારનો અમુલ્ય ફાળો છે. ભગવા આર્મી સંગઠન દ્વારા વન વિભાગને પત્ર પાઠવી જણાવાયું છે કે, ખાંભા તાલુકામાં આસ્થા સમાન હનુમાન ગાળા મંદિરનાં પ્રવેશ અંગે વન વિભાગ દ્વારા હિન્દુઓની લાગણી દુભાવામાં આવતા રોષ વ્યાપી ગયો છે. આ વિસ્તાર ફોરેસ્ટ વિભાગની અંદરમાં આવે છે અને હનુમાન ગાળા મંદિર લોકોની આસ્થા સાથે જોડાયેલ છે. જગ્યાનાં મહંત તેમજ સેવા પુજા કરતા સેવકગણ સંભાળ રાખે છે. જંગલ ખાતા દ્વારા સુચના મૌખીક આપેલી કે રાત્રી રોકાણ કરવું નહીં. આ વાત ખાંભા તાલુકામાં પ્રસરતા હિન્દુ સંગઠનથી લઈ પ્રજા રોષીત છે. આ વાતની જાણ થતા માર્કેટયાર્ડ ખાતે હિન્દુ સંગઠનો એકત્ર થયા હતાં અને ધારાસભ્ય તથા પુર્વ ધારાસભ્યની ઉપસ્થિતિમાં મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું. કોઈ કાર્યવાહી ન થતા વન મંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી જણાવ્યું છે કે, કોમી એક્તાનાં ડહોળવાનાં પ્રયાસ કરતા વન અધિકારી ઉપર એક્શન લઈ આ મંદિર ભક્તો માટેની અવર જવર રાત્રી રોકાણ કરવામાં આવે તેવી પરમીશન આપવા ભગવા આર્મી સંગઠન ગુજરાતવતી ચેતન રાદડીયાએ જણાવ્યું છે.

## અમરેલી નવોદય વિદ્યાલય પરિવારનું ગૌરવ



અમરેલી,નવોદય વિદ્યાલયના રિતેશ ચૌહાણે સીએની પરિક્ષા સફળતા પુર્વક પાસ કરી તેમજ તૃપ્તીબેન દાફડા નવોદય અમરેલીમાં ધો. ૧૨ પાસ કર્યા પછી દેશની સર્વોચ્ચ શૈક્ષણિક તાલીમ સંસ્થા દક્ષિણા ફાઉન્ડેશનમાં ચાલતાં નિટ/જીની પરિક્ષા પાસ કરી હાલ નવોદય વિદ્યાલય ઉનામાં તાલીમ પ્રાપ્ત કરી રહેલ છે. મિતેષ માંગરોળીયા ભાભા ઓટોમીક રિસર્ચ નામની સંસ્થામાં ટેકનીકલ ઓફિસર તરીકે પસંદગી પામી હાલ મુંબઈ ખાતે કાર્યરત છે. આમ ત્રણેય વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલયનું નામ રોશન કરેલ જેથી જિલ્લા કલેકટર અજય દહિયા, ડેપ્યુટી કમિશ્નર મેરી મેમ, વિદ્યાલયના પ્રાચાર્ય શ્રી ભોસએ ત્રણેય વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### અનિડા ગામે પુણ્યતિથી મહોત્સવનું આયોજન

**પુ. સવિતામૈયાના ૧૯માં પુણ્યતિથી દિને આયોજન**



ભાવનગર,

કુંકાવાવના અનિડામાં જયોતિ સ્વરૂપ પુ. સવિતાદેવીનું ૧૯મું પુણ્યતિથી મહોત્સવ ઉજવાયો હતો. સુરત રામમઢીના સંત પુ.સંતરામબાપુએ જણાવ્યું કે, સાશસ્ત્રોક વિધીથી યજ્ઞ પુજા બાદ મહાપ્રસાદ સાંજે સાંસ્કૃતિ કાર્યક્રમો અને સંતવાણી ડાયરો યોજાયો હતો. પુ. મુળદાસબાપુએ વ્યાખ્યાન આપ્યું હતું. સવારે પ્રાર્થના બાદ ૯૦૦ કુવારીકાનું પુજન થયું હતું. સવા લાખ ગંગા સ્વ. વિધવા બહેનોને સ્વામાનભેર પુજન, મહાપ્રસાદથી પ્રતિષ્ઠા કરાવાઈ હતી.

### બાબરામાં સંત લાલબાપુનાં શતાબ્દી મહોત્સવનો પ્રારંભ

**સુરતથી પુ. મુળદાસબાપુ સહિત સંતોની ઉપસ્થિતિ**



ભાવનગર,

બાબરાના લોહાણા જ્ઞાતિના જન્મેલા સંત લાલબાપુ યુગ પુરૂષ તરીકે મશહુર છે. આ વર્ષે દેશ વિદેશમાં શતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. તે અંતર્ગત બાબરા ખાતે મહામંડલેશ્વર પુ.મુળદાસબાપુની નિશ્રામાં ૯૦૦ કુવારીકા પુજન, ભોજન પ્રસાદ, ધર્મ સભા, પ્રાર્થના, સંતવાણી, સામુહિ પ્રસાદનો લોકોએ લાભ લીધો હતો. શ્રી નીરૂબાએ સર્વેને આવકાર્યા હતાં .

### મુંબઇથી યોગેશભાઇ પાઠક દ્વારા મંત્ર લેખન

શિવશકિત તેમજ આત્માના મિલનને મંત્ર કહેવામાં આવે છે. મંત્ર એ પરમેશ્વરનું રૂપ છે. મંત્રનું આમંત્રણ થાય એકાગ્રતા સધાય મંત્રથી શિવત્વના સાક્ષાત દર્શન થઈ શકશે. ઋષિ કુલ્ય બ્રહ્મષી યોગેશભાઈ પાઠક દ્વારા મુંબઈ રહી સ્ત્રી સશકિતકરણના હેમાયતી ચેતનાબેન પાઠકે શિવ ભકતોને સાથે રાખી નિશુલ્ક મંત્ર લેખન બુકો મોકલી આપી રાષ્ટ્રીય બહુમાનનો હુકરાવી ૧૪૦ કરોડ મંત્ર લેખનનું લક્ષ હતું તેને વિરામ અપાયો બાદ બુક લખાય છે. યોગેશભાઈ પાઠકે મુલાકાતમાં જણાવ્યું કે, દેશ વિદેશના ભાઈ બહેનોને અપાયેલ મંત્ર લેખન બુક લખાય કે નહીં તેની પુછપરછ કરવામાં આવી નથી શિવ ભકતોએ સમયસર પહોંચાડી છે. યોગેશભાઈની બે પુત્રીઓ નિયતી અને અદિતી શિવ ચિત્રો દરવામાં નિપુર્ણતા ધરાવે છે. પ્રખર ગૌ ભકત સેવાલાલભાઈ અને કરૂણાસાગર મંજુલાબેનનું સોનેરી સ્વપ્ન સાકાર થયું હોવાનું જણાવ્યું હતું.

### અમદાવાદમાં વ્યાખ્યાન માળા યોજાઇ

**આનંદ આશ્રમ બિલખા અને મુમુક્ષ મંડળનું આયોજન**



અમદાવાદ, અમદાવાદના રાજનગર પાલડી માં એન. આઈ. ડી. પાસે ના મહાત્મા નથુરામ શર્મા માર્ગ પર આનંદ આશ્રમ આવેલો છે, ૧૬/૦૧૦/૧૯૩૯ માં સ્થાપના કરવામાં આવી. ૧૬/૦૭/૨૦૨૪ ની સાંજે આનંદ આશ્રમ બીલખા અને મુમક્ષ મંડળ અમદાવાદ ના સહકાર થી વ્યાખ્યાન માળા પ્રથમ માણકો સદગુરુ વંદના યોજાઈ ગયો. ગુજરાત સરકાર ના પૂર્વ મુખ્ય સચિવ, નર્મદા નિગમ સરદાર સરોવર ના પૂર્વ મુખ્ય અધિકારી, શ્રી સોમનાથ ટ્રસ્ટ ના પૂર્વ સચિવ અને સદવિચાર પરિવાર ના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પી. કે. લહેરી સાહેબ ની અધ્યક્ષ સ્થાને ,અતિથિ વિશેષ પદે ઈતિહાસ વિદ, પત્રકાર ,સાધના સાપ્તાહિક ના પૂર્વ તંત્રી વાસીપદ્મ શ્રી વિષ્ણુ ભાઈ પંડ્યા અતિથિ વિશેષ પદે પધાર્યા હતા. પ્રશસ્તિ વેદ મંત્રો, અને દીપ પ્રાગટ્ય થી કાર્યક્રમ નો પ્રારંભ થયો હતો. મહેમાનોને રુદ્રાક્ષ માળા, શાલ અને પૂજ્ય ગુરુદેવ ના પુસ્તકો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાગત પ્રવચન આનંદ આશ્રમ અમદાવાદ ના સંવાહક અને સશ્લોકિ ભાગવત પ્રવકતા પ્રદીપભાઈ જોષી કર્યું હતા. વ્યાખ્યાન માળા ની રૂપ રેખા અને પૂજ્ય ગુરુદેવ ની જીવન કવન ની રસ પદ માહિતી મયૂર મોરાવલ આપી હતી. સમારંભ અતિથિ વિશેષ પદે બોલતા પદ્મ શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ 'માસ્તર અને મહાત્મા નથુરામ શર્મા ની વાત, જેતલસર જંકશન ના સ્ટેશન માસ્ટર અજરામર પંડ્યા સાહેબ અને સ્વામી વિવેકાનંદના શિકાંગો ની વાત, પૂજ્ય ગુરુદેવ ના વિશાળ શબદ સંપદા ને ગુજરાતી હિન્દી અને અંગ્રેજી માં પુનઃ પ્રકાશિત કરી સનાતન ધર્મની ધરોહર છે. સાચવી સાંભળી અને જતન કરવાની નેમ વ્યકત કરી છે. વ્યાખ્યાન માળા થવી જ જોઈએ એ વાત પણ કરી હતી' વ્યાખ્યાન માળા ના અધ્યક્ષ સ્થાને થી બોલતા શ્રી પી. લહેરી સાહેબ જણાવ્યું કે ' પૂજ્ય ગુરુદેવ ની ચેતના અને અનુભૂતિ મારા પિતા શ્રી કનુભાઈ લહેરી ગુરુદેવ ના દર્શન કર્યા .વેદિક અને આધ્યાત્મિક યાત્રા સાથે સાથે ગંગા સતી અને પાનબાઈ ના સુંદર ભજનો સાથે વાત કરી હતી. પૂજ્ય પિતા શ્રી કનુભાઈ ની પાંચ શીખ, સંવેદના, સમર્પણ, અપેક્ષા રહિત , અને વર્તન ની વાત સુંદર રીતે કરી હતી. આનંદ આશ્રમ ની આવી પ્રવૃત્તિ ને બિરદાવી હતી. પૂજ્ય ગુરુદેવ ના ભજનો અને શ્રી હનુમાન ચાલીસા નો સંગીત મય પાઠ યુવા ભાગવત કથા કાર ભાગવત જી જોષીએ પ્રસ્તુતિ કરી હતી. વ્યાખ્યાન માળા ની આભાર વિધિ પ્રદીપભાઈ જોષી એ કરી હતી. વ્યાખ્યાન માળા ના પ્રથમ નું સૂ ચારું સંચાલન મયૂર મોરાવલ ક્ર્યુ હતું. ખુબજ સારી સંખ્યા માં ગુરૂબંધુ, મુમક્ષો, નર્મદા પરિક્રમા પ્રેમી પરિવાર જનો જોડાયા હતા. આનંદ આશ્રમ બીલખા ટ્રસ્ટી મંડળ અને આનંદ આશ્રમ અમદાવાદ મુમક્ષ મંડળ, નર્મદા પરિક્રમા પરિવારે સારી જહેમત ઉઠાવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### મુન્દ્રામાં ભદ્રેશ્વર ખાતે સૈનિક આઉટરીચ કાર્યક્રમ યોજાયો

ભુજ, કચ્છ જિલ્લા કલેક્ટર અને પ્રમુખશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટના માર્ગદર્શન હેઠળ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ભુજદ્વારા તા. ૧૨ જુલાઈ ૨૦૨૪ના રોજ મુન્દ્રાના ભદ્રેશ્વર ખાતે સૈનિક આઉટરીચ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભદ્રેશ્વર તથા આસપાસના ગામના પૂર્વ સૈનિકો, સ્વ.સૈનિકોના ધર્મપત્નીશ્રીઓ તથા તેઓના પરિવારજનોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી હિરેન લીમ્બાચીયા દ્વારા પૂર્વ સૈનિકો, સ્વ.સૈનિકોના ધર્મપત્નીશ્રીઓ તથા હાજર સૈનિક પરિવારજનોને કેન્દ્રીય સૈનિક બોર્ડ,રાજ્ય સૈનિક બોર્ડ તથા ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની આપવામાં આવી હતી. તેઓના પેન્શનને લગતા વિવિધ પ્રશ્નો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને સ્વ.સૈનિકોના ધર્મપત્ની શ્રીઓના પેન્શનને લગતા વિવિધ પ્રશ્નોને ઉજાગર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય સૈનિક બોર્ડ તથા રાજ્ય સૈનિક બોર્ડ તરફથી મળતી સ્કોલરશિપ, પ્રધાનમંત્રી સ્કોલરશિપ, સૈનિક પરિવારની દીકરીઓ માટે લગ્ન સહાય, અંતિમ ક્રિયા સહાય, તબીબી સહાય, પૂર્વ સૈનિક રજિસ્ટ્રેશનની કાર્યવાહી તથા અન્ય સહાયની વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી. શુરવીર જવાનો અને તેઓના પરિવારજનો પ્રતિ સન્માનની લાગણી પ્રદર્શિત કરવા અને સૈનિક કલ્યાણની વિવિધ કલ્યાણકારી યોજનાઓને વધુ વિસ્તૃત અને વધુ લાભકારી કરી શકાય તે માટે સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં પુરતો સહયોગ આપવા વિનંતી કરવામાં હતી. આ કાર્યક્રમમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના શ્રી સંજય પંડ્યા, શ્રીમતી ભાવિષાબેન અજુડિયા, કચેરીના અન્ય કર્મચારીઓની સાથે પૂર્વ સુબેદાર જાડેજા ઘનશ્યામસિંહ તેમજ કચ્છ જિલ્લા માજી સૈનિક સંગઠનના જનરલ સેક્રેટરીશ્રી અને પૂર્વ સૈનિકશ્રી ભરતભાઈ સુથાર તેમજ અન્ય પૂર્વ સૈનિકો અને પરિવારજનો હાજર રહ્યા હતા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢમાં ફ્લેશફ્લડ અંગે થયેલી રજુઆત

જુનાગઢ, જુનાગઢમાં ગયા વર્ષે ફ્લેશ ફ્લડ ને કારણે પણી તારાજી થઈ છે અને જુનાગઢ માં લોકોના મૃત્યુ પણ થયા છે. ચાલુ વર્ષે પણ ૧ કલાક વધારે વરસાદ રહયો હો તો વર્ષ જેવી તારાજી સમર્જાય તેવી શક્યતા હતી આ બાબતે જુનાગઢને થોડા ઘણા અંશે પણ રાહત થઈ શકે તેવા પગલાઓ આપના દ્વારા ભરવામાં આવે તો ૨૫થી ૩૦% તારાજી ટાળી શકાય તેમ છે. આ બાબતે મે તા. ૨૯-૬-૨૦૨૪ના રોજ વોટસઅપ મેસેજથી આપની વિગતો મોકલાવેલી છે. અગાઉ જુનાગઢ મ્યુનીસીપલ ને પણ આ બાબતે પગલા લેવા બાબતે તા. ૨૭-૪-૨૦૨૪ ના રોજ મ્યુનીસીપલ કમીશનરને પણ જાણ કરેલ છે. તેમના એન્જીનીયરોએ આ બાબતે આપણે કાંઈ નહીં કરીશ કીએ તેવી મૌખીક ચર્ચા મારી સાથે થયેલ છે. જુનાગઢ મામલતદાર ઓફીસથી લઈ અને મોતીબાગ સુધીમાં ૪ બ્રીજ તથા નીચે નાળાઓ છે અને જો ખોદી આવે તો ફલેશ ફલડ થી આવનાર પાણીને ડાયવર્ટ કરી શકાય તેમ છે. ફક્ત જે કુદરતી નાળાઓ બંધ કરી નાખવામાં આવેલ છે અને તે દિવાલો ખુલ્લી કરી નાખવામાં આવે તો દુર્વેશનગર, જયશ્રીનગર તેમજ તેની આજુબાજુની સોસાયટીઓમાંથી પાણી ડાયવર્ટ થઈ અને પાણીનું વોટરલેવલ ડાઉન થઈ શકે તેમ છે ફક્ત કુદરતી નાળાઓની ની દિવાલો ને ખોલવી જરૂરી છે. જેમાં એક નાળુ દુર્વેશનગર ની પાછળથી કાળવા નદીની એક ચેનલ તળાવ તરફ જાય છે તેમાં ભુતકાળમાં મોટો વોકળો હતો તે બંધ કરી દેવામાં આવેલ છે અને જે લાલબાગમાંથી થઈ આપની ઓફીસની બાજુમાં આવેલ કન્યા છાત્રાલય ની નીચેથી પસાર થઈ ધાંચીપટ તરફ ડાયવર્ટ થાય બીજા બે વોકળાઓ લાલબાગમાં થઈ લાલબાગની સામેની બાજુમાં થઈ કાળવા તરફ વહે છે. તે જ રીતે હાલ નું બાલાજી એવન્યુમાંથી થઈ અને રાજલક્ષ્મી પાર્કમાંથી વહે છે. આ ચારેય વોકળાઓ પૈકી ૩ ઉપર આડી દિવાલો કરી લેવામાં આવી છે. ઓજ તે પણ બ્રીઅને નાળાઓ ને ડીઝાસ્ટર મેનેજમેન્ટનો ભાગ ગણી ઈમરજન્સી ખોલવા માટે હુકમો કરી અને જુનાગઢની પ્રજાને સલામતી આપવા માટે તજવીજ કરવા નમ્ર અરજ છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળમાં બપોરના સમયે એક જ કલાકમાં ચાર ઈચ ધોધમાર વરસાદ

ગીર સોમનાથ,

વેરાવળ વિસ્તારમાં બપોરે ૨ વાગ્યે વિજળી જોરદાર કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડેલ હતો તોફાની વરસાદ થી આખા વિસ્તારમાં કરફયુ છવાય ગયેલ હતો શહેર પાણી પાણી થઈ ગયેલ હતું મુખ્ય બજારોમાં ઓટલા સુધી પાણી ધુસી ગયેલ હતા લાખો વરસાદ ની કામગીરી ક્યાં ગઈ તેવી લોકોમાં ચર્ચા થઈ રહેલ છે. વેરાવળ વિસ્તારમાં બપોરે ૨ વાગ્યે વાતાવરણ માં પલ્ટો આવેલ હતો જારદાર વિજળી કડાકા ભડાકા સાથે અનરાધાર વરસાદ તુટી પડલ હતો જેથી આખા વિસ્તારમાં કરફયુ જેવું વાતાવરણ છવાયેલ હતું ફકત એક કલાક માં ૯૫ મીમી (૪ ઈંચ) વરસાદ પડતા ની મુખ્ય બજારો સુભાષ રોડ, સટાબજાર, એમ.જીરોડ, તપેશ્વર મંદિર રોડ, રાજેન્દ્ર ભુવન રોડ જનસમાજ સેવા સંઘ સહીત ના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયેલ હતા જ દુકાનો ઓટલા સુધી ધુસી ગયેલ હોય ફકત ચાર ઈંચ વરસાદ પડતા દુકાનો સુધી પાણી ધુસી જતા વેપારીઓએ ભારે રોષ સાથે જણાવેલ હતું કે વર્ષોથી સમસ્યા નગર પાલિકા દર વર્ષે કરોડો રૂપીયા કાગળ ઉપર બતાવે છે વરસાદ પહેલાની કોઈ કામગીરી થતી નથી પાણી ભરાઈ જવાથી વેપારીઓએ વ્હેલું ઘરે જવું પડ છે ધંધા રોજગાર બંધ થઈ જાય છે. મુખ્ય બજોરોમાં આવેલ નાની હવેલી, સ્વામીનારાયણ મંદિર, તપેશ્વર મંદિર સહિત ના અનેક મંદિરો આવેલ છે તે મદિરોમાં પણ સુધી પાણી આવી જાય છે જેથી ભકતજનો આવી શકતા નથી અનેક જગ્યાએ ગટરો ના ગદા પાણી ધુસી જતા ભારે રોષ વ્યકત થયેલ હતો.

## અમરેલી તાલુકા ભાજપ પરિવાર દ્વારા આયોજન

# સાંસદશ્રી ભરતભાઈ સુતરિયાનો સન્માન કાર્યક્રમ યોજાયો

### અમરેલીના ધારાસભ્યશ્રી અને નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિક વેકરીયા તથા રાજુલા વિધાનસભાના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકીની ગરીમામય ઉપસ્થિતિમાં કાર્યક્રમ

### સંગઠનની શક્તિથી જ ઐતિહાસિક લીડ પ્રાપ્ત થઈ છે આવનારા સમયમા જાળવી રાખવી તમામ કાર્યકર્તાઓની વિશેષ જવાબદારી છે : શ્રી વેકરીયા

અમરેલી,

અમરેલી તાલુકા ભાજપ પરિવાર દ્વારા અમરેલી જિલ્લા ભાજપ કાર્યલય ખાતે નવનિર્વાચિત સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, રાજુલાનાં ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપના શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, બાંધકામ સમિતિ ચેરમેન પ્રતિનિધિશ્રીપ્રવીણભાઈ માંગરોળીયા, પ્રદેશ મહિલા ભાજપ અગ્રણી શ્રી ભાવનાબેન ગોંડલીયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરિયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી




ઘનશ્યામભાઈ ત્રાપસિયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઈ સાવલિયા, શ્રી વનરાજભાઈ કોઠીવાળ તાલુકાના તમામ સરપંચશ્રીઓ, તાલુકા પંચાયતના તમામ સભ્યશ્રીઓ, તાલુકા ભાજપ પરિવારના તમામ આગેવાનો તથા કાર્યકર્તા મિત્રો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા.

આમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાએ સન્માનના પ્રત્યુતરમાં આભારની લાગણી વ્યક્ત કરીહતી તથા અમરેલી જિલ્લાનાં વિકાસ માટે કટિબદ્ધ રીતે કામ કરવાં વચન આપ્યું તથા પોતાની આગવી શૈલીમા કાર્યકર્તાનો જુસ્સો હતો અને ચૂંટણીનો માહોલ હાલ પૂર્ણ થયો હોય, આવનારા દિવસોમાં અમરેલી સંસદીય મતવિસ્તારના લોકોની સુખ સુવિધા અને સમૃદ્ધિ માટે કામ કરવા કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા , રાજુલાના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા સહિત મહાનુભાવો દ્વારા કાર્યકરોને માર્ગદર્શન આપવામાં હતું અને સમગ્ર કાર્યક્રમમા અપેક્ષિત કરતાં વધુ સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

---

**પ્રથમ માસિક પુણ્યતિથીએ**

## ભાવભરી શ્રદ્ધાંજલી



**સ્વ. ભુપતભાઇ હરિભાઇ ડેર**
સ્વ. તા. ૧૮-૦૬-૨૦૨૪, મંગળવાર

જીવનની હરપળ હસતા રહયા તમે, સ્નેહથી સૌના હૈયે વસતા રહયા,
તમે અચાનક ચાલી નિકળીયા તમે કહો કયા જઈ કરીએ ફરીયાદ,
જીવન એવું જીવી ગયા કે ભુલાઈ નહી, વિદાય એવી લીધી કે વિસરાય નહી,
મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.
મુરલીધર પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

**ભીખુભાઇ લખમણભાઇ ડેર** (નિવૃત પીએસઆઇ) લાઠી
**કેહુરભાઇ લખમણભાઇ ડેર** (પુર્વ સરપંચ) ચાવંડ
**રાવતભાઇ ગોવિંદભાઇ સોરઠીયા** અમરેલી
**દડુભાઇ નાજાભાઇ ડેર** ઇંગોરાળા
**મુકેશભાઇ પુંજાભાઇ બોરીસા** લાઠી
**કલ્પેશભાઇ જગુભાઇ ભુવા** (પરિશ્રમ સ્કૂલ બાબરા)
**રવજીભાઇ જીવાભાઇ ડાંગર** (પુર્વ પ્રમુખ લાઠી નગરપાલિકા)
**સાદુળભાઇ હમીરભાઇ બંધીયા** ટોડા
**ભરતભાઇ અરજણભાઇ ડાંગર** લાઠી
**રાવતભાઇ સામતભાઇ ડેર** જરખીયા
**ગોરખભાઇ કાનાભાઇ સોસા** હરસુરપુર દેવળીયા
**લુણશીભાઇ દેવાયતભાઇ કનાળા** લાઠી

---

## શ્યામ આંખની હોસ્પિટલ

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સારવાર :**

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-

**-: અમરેલી :-**
સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા,
હોસ્પિટલ મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦

**-: રાજુલા :-**
શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
હોસ્પિટલ મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦







---

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. ધનબાઈબા જગુબાપુ ભગત (ઉ.વ.૯૫)**
**સ્વ. અષાઢ સુદ ૧૧ને બુધવાર તા.૧૭-૦૭-૨૦૨૪**

અમારા પ.પુ. માતૃશ્રી સ્વ.ધનબાઈબા જગુબાપુ ભગત (ઉ.વ.૯૫) અષાઢ સુદ ૧૧ને બુધવાર તા.૧૭-૦૭-૨૦૨૪ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પરબના પીર તેમના દિવ્ય આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના......

**સદગતની પ્રાર્થનાસભા**

તારીખ :- ૨૦-૦૭-૨૦૨૪, શનિવારના રોજ
સવારના ૮:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી રાખેલ છે
સ્થળ : શ્રી માંડણપીરધામ (જુની જગ્યા) સત દેવીદાસબાપુની જન્મભૂમી, મોટા મુંજીયાસર

**લી.**

પ.પુ. મહંતશ્રી નારદબાપુ (માંડણપીરધામ) પુત્ર
શ્રી ભવુબાપુ જગુબાપુ ભગત - પુત્ર
શ્રી ભાયાભાઈ નાગબાપુ ભગત - પુત્ર
ભગતશ્રી અશોકભાઈ નારદબાપુ પરમાર - પૌત્ર
ભગતશ્રી પ્રકાશભાઈ નારદબાપુ પરમાર - પૌત્ર
ભગતશ્રી વિપુલભાઈ નારદબાપુ પરમાર - પૌત્ર
ભગતશ્રી ભરતભાઈ ભવુબાપુ પરમાર - પૌત્ર
શ્રી માંડણપીરધામ (જુની જગ્યા) સત દેવીદાસબાપુની જન્મભુમી
મોટા મુંજીયાસર તા.બગસરા, જી.અમરેલી

---

રજી.સે.શ.૩૬૭૫૨ | ॥ સત્યમેવ જયતે ॥ | ઓડીટ વર્ગ 'અ'

## અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

### દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

### આકર્ષક વ્યાજદરો

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ
- ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

**• બાયપાસ બ્રાન્ચ •**
સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

**• બાબરા બ્રાન્ચ •**
સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

**• ધારી બ્રાન્ચ •**
રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

